Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTER B. NO. 156

श्री

પુ. ૨૦ મું. અંક ૧૧ મો.

# જૈનધર્મ પ્રકાશ.

માઘ. સં. ૧૯૬૧

शिखरिणीवृत्तम्.

धनं दत्तं वित्तं जिनवचनमभ्यस्तमखिलं ।
क्रियाकांडं चंडं रचितमवनौ सुप्तमसकृत ॥
तपस्तीव्रं तप्तं चरणमपि चीर्णं चिरतरं ।
न चेच्चित्ते भावस्तुषवपनवत्सर्वमफलम् ॥ १ ॥

प्रगट कर्ता.

## શ્રી જૈનધર્મ પ્રસારક સભા.

ભાવનગર.

अनुक्रमणिका


| | | |
|---|---|---|
| ૧ | સદ્ભાવ સ્તુતિ. | |
| ૨ | સદ્ભાવ સ્તુતિ રહસ્ય. | ૨૪૨ |
| ૩ | શ્રાદ્ધ ભોજન વિધિ. | ૨૪૫ |
| ૪ | ઢુંઢક યતિ સાથે નાળામાં થયેલી ચર્ચા વિષે ખુલાસો | ૨૫૩ |
| ૫ | સાર્વજનિક ઉન્નતિની સર્વોત્તમ કુંચી. | ૨૫૭ |
| ૬ | જૈનમત સમિક્ષા કેસ. | ૨૬૪ |


અમદાવાદ—"ઍંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસ"માં છાપ્યું.

વીર સંવત ૨૪૩૧ શાકે ૧૮૨૬ સને ૧૯૦૫.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ ચાર આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સોપાનિયું રખડતું મુકીને આશાતના કરવી નહીં.

# श्री उपदेश प्रासाद भाषांतर ग्रंथ.

આ ગ્રંથના બે ભાગ બહાર પડી ચુકેલા છે, જેથી તે વિષે અત્ર વિશેષ લખવાની આવશ્યકતા નથી. પરંતુ તે બે ભાગ પૈકી પહેલો ભાગ તો ઘણી ભુલોવાળો છે જેને માટે તે બુકમાંજ અમારી સુચના તરીકે લખાયેલ છે. બીજો ભાગ અમારી જાતે ભાષાંતર સુધારીને છપાવેલો છે. તે વાંચવાથી તરતજ સમજાય તેમ છે. પરંતુ તે ભાગ શીવનલાલ સાંકળચંદ મારફતીઆના ભાગમાં છપાવેલો છે. તે ભાઈ ગુજરી ગયેલ હોવાથી હવે પછીના ત્રણે ભાગો અમે સ્વતંત્ર છપાવવાના છીએ જેમાંથી આ ત્રીજા ભાગની જાહેર ખબર છે. ભાષાંતર ખાસ તપાસી શુદ્ધ કરીને છપાવવામાં આવશે. અમારાથી આગલી જેમ આ નામનું બીજું ભાષાંતર છપાય ગ્રાહકોએ સાવચેત રહી પ્રસિદ્ધ કર્તાનું નામ જોવા માટે આ સુચના છે. કિંમત બીજા ભાગની જેમ આની પણ ઘટાડેલી રૂ. ૧-૮-૦ જ રાખવામાં આવશે. બનતી તાકીદે બહાર પાડવામાં આવશે.

## અમારી સભાના મેમ્બરોને ખાસ

## सूचना.

આ સભાના લાઇફ મેમ્બરોને સભા તરફથી પ્રગટ થતી રૂ. ૧) સુધીની કિંમતની દરેક બુકની એકેક નકલ આપવાની છે તે મુજબ આપવાનું કામ આ વર્ષે આખર (ફાલ્ગુન માસમાં) કરવામાં આવશે, કારણ કે ત્યાં સુધીમાં ઘણી બુકો બહાર પડી જવાની છે. તે વખતે સભા તરફથી પ્રગટ થયેલી તમામ બુકોનું લીસ્ટ પણ આપવામાં આવશે કે જેથી તમામ મેમ્બરોને પોતાની કિંમતે મંગાવવાની પણ સવળતા થશે.

તંત્રી.

## શ્રી ભાવનગર જૈન ડીરેકટરી.

કિંમત બે આના.

જેની વીગતવાર જાહેર ખબર આઠમા અંકમાં આપેલી છે તે ડીરેકટરી જરૂર વાંચવા લાયક છે અને અનુકરણ કરવા લાયક છે. પ્રયાસના પ્રમાણમાં કિંમત વિશેષ નથી; મંગાવી જોવાથી ખાત્રી થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# श्री जैनधर्म प्रकाश

દોહરો.

મનુજન્મ પામી કરી, કરવા જ્ઞાનવિકાશ;
મોહમુક્ત ચિત્તે કરી, વાંચો જૈનપ્રકાશ.

પુસ્તક ૨૦ મું. શાકે ૧૮૨૬ સં. ૧૯૬૧ માઘ અંક ૧૧ મો.


## 'सद्भाव स्तुति.'

### अथवा

### શ્રી વીતરાગ સ્તવન.

વીર મને તારો, મહાવીર મને, તારો ભવજળ પાર ઉતારોનેરે. એ દેશી.

દયા નાદિરી સ્નાન કરીને, સંતોષ ગાભર ધારિયેરે;
વિવેક તીલક અતિ ચંગ કરીને, ભાવનાં પાવન આશયેરે. ૧
ભક્તિ કેસર ઘોલ્ય કરીને, શ્રદ્ધા ચંદન ભેલિયેરે;
સુગંધિ સદ્દ્રવ્ય મેળીને, નવ અંગાંગ જિન અર્ચિયેરે. ૨
ક્ષમાસુગંધિ સુમનસ દામે, દુવિધ ધર્મ દોમ યુગ વરેરે;
ધ્યાન અભિનવ ભૂષણ સારે, અર્ચીં અંગે ધારું દર્પિયેરે. ૩
આઠ મદના ત્યાગકરણ રૂપ, અષ્ટમંગળ આગે આપિયેરે;
જ્ઞાનહુતાશન જનિત (જાગ્રીત), શુભાશય, કૃષ્ણાગુરૂ ઉખેવિયેરે. ૪
શુદ્ધ અધ્યાતમ જ્ઞાનતંતુથી, પ્રાણ ધર્મલવણ ઉતારિયેરે;
યોગ સુનર્ત્યુલ્લાસ કરંતા, નીરાજના વિધિ પૂરિયેરે. ૫
આતમ અનુભવ જ્ઞાન સારથી, મંગળદીપ પ્રજાળિયેરે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગેગતિક શુભ નૃત્ય કરંતા, સહજ રત્નત્રયી પામિયેરે. ૬
સત્પર્યાય સુધોષા બજાવી, રોમરોમ ઉલ્લાસિયેરે;
ભાવપૂજન લય લીન હોવંતા, અચલ મહોદય પામિયેરે. ૭
ભાવપૂજન અભેદ ઉપાસક, સાધુ નિગ્રંથ અંગીકરીરે;
દ્રવ્યપૂજન ભેદ ઉપાસક, ગૃહમેધિને નિત્ય વરીરે. ૮
દ્રવ્યશુદ્ધિ ભાવશુદ્ધિ કારણ, જિનઆમ્ના અવધારિયેરે;
ધ્યાતા ધ્યેય ધ્યાનરૂપ એકે, અજર અમર પદ પામિયેરે, ૯
સાલંબન નિરાલંબન ભેદે, ધ્યાનકુતાશન જલાવિયેરે;
કંચનોપલને ન્યાયે કરીને, ચૈતન્યતા અજવાળિયેરે. ૧૦
કર્મ કઠિન ઘન નાશ કરીને, પૂર્ણાનંદતા પામિયેરે;
રમતાં નિત્ય અનંત ચતુષ્કે, સિદ્ધશિલા નિત્ય જામિયેરે. ૧૧

મુનિ કર્પુરવિજય.

---

# सद्भाव स्तुति रहस्य.

હે પ્રભુ! ક્યારે અમે દયારૂપ સ્વચ્છ જળવડે સ્નાન કરી નિર્મળ થઇ, સંતોષ રૂપી ઉત્તમ વસ્ત્ર ધારીને અને વિવેકરૂપ તિલક કરી ઉત્તમ ભાવના વડે અંતઃકરણ સુધારી (૧) ચોળ મજીઠ જેવી ઉમદા ભક્તિરૂપ કેસરને ઘોળ (ઘોળ) કરી, અનાદિના ભવતાપને હરી, શાંતિ-શીતલતા ઉપજાવનારી શ્રી જિનેશ્વર પ્રભુ પ્રણીત તત્વો વિષે પૂર્ણ-શુદ્ધ પ્રતીતિ ધારવારૂપ શ્રદ્ધારૂપી સરસ ચંદનમાંહે ભેળી, સુવાસનાજનક અનેક સદ્દ્રવ્યો-કસ્તુરી પ્રમુખ સાથે મેળવી, નવવિધ બ્રહ્મ (ચર્ય) ગુપ્તિરૂપ નવ અંગે શુદ્ધ આત્મા એવા દેવને ભાવથી અર્ચિયે (પૂજિયે)? કે જેથી અમારો અપ્રશસ્ત રાગાદિ જન્ય ત્રિવિધ તાપ ઉપશમે, અને શુદ્ધ ગુણ રસાસ્વાદથી અમને શાંત શીતલતા વળે. ૨.

(૩) વળી હે પ્રભુ! ક્યારે અમે ઉત્તમ પ્રકારની વાસનાયુક્ત સહજ સ્વાભાવિક ક્ષમા રૂપી સુગંધી પુષ્પોની માળાવડે ઉત્સર્ગ અને અપવાદ અથવા નિશ્ચય અને વ્યવહાર રૂપ નિર્ગ્રંથ મુનિના કે ગૃહસ્થ શ્રાવકના બંને પ્રકારના ધર્મરૂપી ઉત્તમ વસ્ત્રયુગલવડે અને પ્રશસ્ત એવા ધર્મ અને શુક્લ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધ્યાનરૂપ શ્રેષ્ઠ અલંકારોથી શુદ્ધ આત્મા એવા દેવને અર્ચી-પૂજી અંગોઅંગે રોમેરોમે હર્ષથી ઉલ્લસિત થઇશું !

(૪) હે પ્રભુ! અમે જાતિ, કુળ, બળ, તપ, રૂપ, જ્ઞાન, લાભ અને ઐશ્વર્ય એમ આઠે પ્રકારના મદો (ઉત્કર્ષ) નો ત્યાગ કરીને લઘુતા-વિનીતતા ધારવારૂપ અષ્ટમગતિ મોક્ષપ્રસ્થાન પ્રતિ ક્ષેમકારી અષ્ટમંગળો ક્યારે આગળ સ્થાપશું-કરશું ? અને મિથ્યાવાસનાવારક સમ્યગ્ જ્ઞાનરૂપ અગ્નિ યોગે પ્રજ્વલિત-દેદીપ્યમાન થયેલા શુભાશય (શુભપરિણતિ) રૂપી કૃષ્ણાગરૂ ધૂપ (દશાંગ) ક્યારે ઉખેવી મલીમસ-મલીનતા દૂર કરશું !

(૫) હે પ્રભુ! મોહવિદારક નિર્મળ અધ્યાત્મ-જ્ઞાન વહ્નિથી પૂર્વ સંગ્રહીત અશુદ્ધ-વિભાવ ઉપયોગ લક્ષણ વિપરીત માર્ગરૂપી લવણ (લુણ) ઉતારી, સ્વભાવ રમણ લક્ષણ સમર્થ યોગસાધન રૂપી અનાદિ મિથ્યા તિમિર હરવા દેદિપ્યમાન-પ્રગટેલી આરતિ ક્યારે ઉતારશું ? અને અમે સ્વાભાવિક સુખ સંપદાને ક્યારે પામશું ?

(૬) હે ઇશ! અમને અમારા આત્માનો સાક્ષાત્ અનુભવ કરાવે એવા, નિર્મળ (શુદ્ધ સ્ફાટિક રત્ન જેવા) નિષ્કષાય આત્મધર્મનું પૂર્ણ ભાન કરાવે અને તેમાંજ રમણ કરાવે એવા અનુપમ સદ્બોધ-જ્ઞાનરૂપી મંગળ દીપને પ્રગટી ક્યારે અમે શુદ્ધ આત્મ અનુભવપ્રકાશ મેળવશું ? અને મન વચન કાયારૂપ ત્રણે યોગોની શુભ, શુભતર અને શુભતમ વર્તનાથી સહજ (સ્વાભાવિક) આત્માના અક્ષય સુખના મુખ્ય સાધનરૂપ સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ રત્નત્રયી ક્યારે પ્રગટ કરશું (પામશું) ?

(૭) ચારે ગતિમાં પરિભ્રમણ કરવાના મૂળ કારણભૂત વિભાવ ઉપયોગ રૂપ આત્માના શુદ્ધ (સત્) પર્યાયના દઢ અવલંબનરૂપી સુઘોષા ઘંટા બજાવી હે શંકર-ઇશ! હું રોમેરોમે-કણીકણીએ ક્યારે ખીલી રહીશ ? આ પ્રમાણે હે નાથ! કપટરહિત બની પ્રસન્ન ચિત્તવડે અંતર્મુખ થઇ ભાવપૂજામાં લયલીન (એકાગ્ર) થવાથી અવિનાશી સુખ હસ્તગત કરી શકાએ એમ અમને આપના પવિત્ર આગમો ફરમાવે છે, અને તે સાચેસાચું છે.

(૮) પણ આ ઉપર વર્ણવેલી કેવળ ભાવપૂજા તો હે નાથ! તારી અભેદ ઉપાસના ભક્તિ-સેવાને ભજનારા નિર્ગ્રંથ-સાધુ-અણગારોજ કરી શકે; કેમકે મિથ્યાત્વ, અવિરતિ, વિષય અને કષાયોથી રહિત હોઇ, સર્વ સાવદ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગો (વ્યાપારો) થી સર્વથા વિરમી ઉક્તનીતિએ આજ્ઞા પૂરતી પોતાની શક્તિ તપાસી ઉક્તનીતિનો અંત સુધી નિર્વાહ કરવા પોતાનું પૂરતું ધૈર્ય વિચારી સાત્વિક શિરોમણિ થઈ, વિનયાદિક ઉત્તમ ગુણિના સાગરી, વિવેક સંપન્ન એવા ઉત્તમ મહાપુરૂષોજ ઉક્ત દુષ્કર પંથ લેઈ શકે, અને તે દ્વારા આત્મહિત અને અમૂલ્ય લાભ હાંસલ પણ કરી શકે; અને પૂર્વે ભાવપૂજા સાથેજ સૂચવેલી વિવિધ પ્રકારનાં ઉત્તમ દ્રવ્યોવડે પરમદેવ વીતરાગ પરમાત્માની દ્રવ્યપૂજાને તે દ્વારા અનુક્રમે ભાવની વિશુદ્ધિથી પરમપૂજ્ય મહાદેવની દૃઢ આજ્ઞા આલંબનરૂપ ભાવપૂજાના લાભ માટે સાક્ષાત્ ભાવપૂજા કરવા અસમર્થ-અનધિકારી મલિનારંભી ગૃહસ્થ સોપાધિક શ્રાવકધર્મને સેવનારા આદરે છે.

(૯) જેમ જેમ ઉક્ત દ્રવ્યપૂજાનો વિશેષ આદર કરાય છે તેમ તેમ તેમાં દૃઢ આદરવંત અધિકારી (શ્રાવકજન) ને ભાવવિશુદ્ધિદ્વારા ઉક્ત દ્રવ્ય પૂજા તે ભાવપૂજા (અભેદ ઉપાસના નિર્ગ્રંથ પંથ) ના લાભને વધારે ઢુકડો કરે છે; અને આમ ધ્યાતા-અંતરાત્મા-પરમાત્મપદાભિલાષી સજ્જન, ધ્યેય-પરમાત્મા અને ધ્યાન-પરમાત્મ સ્વરૂપમાં ચિત્તની એકાગ્રતાનું થવું, એ ત્રણેની અભેદતા-એક રૂપ થતાં જન્મ જરા અને મરણ, ઉપલક્ષણથી આધિ વ્યાધિ રોગ શોક સંયોગ વિયોગ જન્ય અનંત દુઃખરહિત અવિચલ અજરામર સ્થાન ઉક્ત મહાત્માને સહજ પ્રાપ્ત થાય છે.

(૧૦) સાલંબન અને નિરાલંબન એ બે પ્રકારના ઉત્તમ ધ્યાનથી ઉક્ત સિદ્ધિ થાય છે. શ્રી જિન પડિમાદિકનું આલંબન કરી-લેઈ ચિત્તની સમાધિ મેળવવા ઉદ્યમ કરીએ તે સાલંબન ધ્યાન કહેવાય, અને બહુજ ઉંચો-અપ્રમત્ત ગુણસ્થાનાદિરૂપ અધિકાર પામી ઉક્ત આલંબન વિનાજ સહજ સમાધિલીનતા બની રહે તે નિરાલંબન ધ્યાન કહેવાય. સાલંબનધ્યાન નિરાલંબન ધ્યાનનું કારણ હોવાથી અધિકારી પરત્વે (પોતપોતાના પ્રાપ્ત અધિકાર મુજબ) બંને ધ્યાન ધ્યાતાને સુખદાયી છે. ઉક્તધ્યાન કર્મ ઇંધનને દહન કરવા હુતાશન-અગ્નિ સમાન છે. ઉક્તધ્યાન રૂપ પ્રબલ અગ્નિયોગે સુવર્ણશુદ્ધિ કરાય છે તેમ આત્મવિશુદ્ધિ થાય છે. આત્મા કર્મમળ રહિત નિર્મળ-સિદ્ધસ્વરૂપ નિત્ય સહજાનંદી થાય છે. આમ આત્માને તદ્દન કર્મમળ રહિત કરવામાં ઉક્તધ્યાન કેટલું બધું ઉપયોગી છે અને તેથીજ પવિત્ર શાસ્ત્રોદ્વારા તેનું યથાર્થ જ્ઞાન સંપાદન કરવું કેટલું બધું જરૂરનું છે તે મુમુક્ષુ-મોક્ષાભિલાષી ભવ્યાત્માઓ આથી સહેજે સમજી શકશે. કહ્યું પણ છે કે **'नाणं सुज्झाणं चरणस्स सोहा'** એટલે જ્ઞાન અને તે દ્વારા ઉત્તમ ધ્યાન એજ ચારિત્રની ખરી શોભા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧૧) મહા આકરાં એવાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય-આ ચારે ઘાતિકર્મોનો ઉચ્છેદ-અત્યંત ક્ષય કરીને પૂર્ણાનંદ સહજ અનંત સ્વભાવાનંદ સુખ પામી, સંશુદ્ધ-ક્ષાયિક અનંત જ્ઞાન દર્શન ચારિત્ર અને વીર્યરૂપ અનંત ચતુષ્ટય યુક્ત સ્વાભાવિક અનંત આત્મિક સુખમાં રમણ કરતાં અને અવશિષ્ટ (બાકી) રહેલાં આયુષ, નામ, ગોત્ર અને વેદનીય રૂપ અઘાતિકર્મોનો પણ સર્વથા અંત-વિનાશ કરી નિત્ય-શાશ્વત એવો સર્વ ઘાતિ અને અઘાતિ કર્મોનો સર્વથા પરાજય કરવારૂપ વિજયવાવટો ફરકાવી આવો વિશુદ્ધ સિદ્ધાત્મા સહજ અનંત આનંદ વિલાસમાં મશગૂલ રહે છે. સર્વ ઉપાધિથી સર્વથા મુક્ત થઇ અનંત શાશ્વતસુખ સાક્ષાત્ અનુભવે છે, વિલસે છે.

આપણુ સર્વને એજ કામના ઇતર સર્વ અશુભ કામનાઓના અત્યંત વિરહપૂર્વક કામને માટે હો! તથાસ્તુ.

મુનિ કર્પૂરવિજય.

---

# श्राद्ध भोजन विधि.

શ્રી વિજયલક્ષ્મી સૂરિએ પોતાના રચેલા ઉપદેશપ્રાસાદ ગ્રંથમાં શ્રાવકના બાર વ્રતનું સ્વરૂપ કહ્યા પછી બારમા સ્થંભના પ્રારંભમાં શ્રાવકોની ભોજનવિધિ બતાવેલી છે તે ખાસ ધ્યાનમાં રાખવા લાયક હોવાથી અહીં કેટલાએક જરૂરના વધારા સાથે બતાવવામાં આવેલ છે. તેઓ પ્રારંભમાં કહે છે કે-

भुक्तिकाले गृहस्थेन, द्वारं नैव पिधीयते ।
बालादि भोजयित्वानु शस्यते भोजनं सदा ॥

"ગૃહસ્થે ભોજન કરવાને વખતે ઘરના દ્વાર દેવાં નહી અને બાળાદિકને જમાડીને પછી જમવુ. તે પ્રકારનું ભોજનજ પ્રશંસનીય છે."

આ એક શ્લોકમાં સાર ઘણો સમાવેલો છે, જમવા વખતે ઘરના દ્વાર બંધ રાખવાથી કદિ મુનિમહારાજ અકસ્માત્ પધારે તો તે પાછા ચાલ્યા જાય છે, અને ભિક્ષુક વિગેરે પણ નિરાશ થઇને ચાલ્યા જાય છે તેથી તે વખતે તો ખાસ દ્વાર ઉઘાડાંજ રાખવા જોઇએ-આગમમાં પણ કહ્યું છે કે

For Private And Personal Use Only

नेव दारं पिहावेइ, भुंजमाणो सुसावओ ।
अणुकंपा जिणंदेहिं, [illegible] ॥

[illegible] ભોજન [illegible] વખતે પોતાના દ્વાર [illegible] કે જિનેશ્વરે શ્રાવકોને અનુકંપાદાન દેવાનું નિવાર્યું નથી.”

આ ગાથામાં ને ઉપરના શ્લોકમાં ધ્રુવ શબ્દવડે જોકસ્સ નિષેધ કરેલો છે શ્રી ભગવતિ સૂત્રમાં તુંગિયા નગરીના શ્રાવકના વર્ણનમાં **अवंगुअ दुवारा** એવું વિશેષણ આપેલું છે. તેનો તાત્પર્ય એવો છે કે ‘તે શ્રાવકોના દ્વાર ભિક્ષુકાદિને આવવા જવા માટે નિરંતર ઉઘાડા છે.’ એવી રીતે યાચકોને દાન આપવાથી તેઓ બાહાર જઈને જૈનધર્મની અને જૈનધર્મીઓની પ્રશંસા કરે છે, અને જો દ્વાર બંધ હોવાથી પાછા જવું પડે છે તો તેઓ નિંદા કરે છે. આવા જૈનબંધુઓ કોઈપણ પ્રકારે પોતાની કૃતિથી ધર્મનિંદા થવા દેતા નથી.

ભોજન વખતે દ્વાર બંધ કરવા તે મહતપુરૂષોનું તો લક્ષણજ નથી. એ કાર્ય ખાસ કરીને કૃપણનિંદ્ય ગણેલું છે. તીવ્ર કૃપણદશાવાળાને શ્રાવકપણું સંભવતુંજ નથી. સામાન્ય કૃપણદશાવાળા પણ જો શ્રાવક હોય છે તો ભોજન વખતે તો પોતાનાં દ્વાર ખુલાંજ રાખે છે. તે વખતે આવેલા યાચકોને તો અવશ્ય કાંઇક પણ આપે છે. કદિ સ્થિતિ ગરીબ હોય છે તો તે વખતે આવેલા ભિક્ષુકને સહજ પણ આપે છે; નિરાશ પાછો વાળતા નથી. જૈનબંધુઓએ આ વાત ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. મોટા શ્રીમંત ગણાતા છતાં ગરિબ બંધુઓ તરફ કે ભિક્ષુકો તરફ ઉપેક્ષા વૃત્તિ રાખવી, તેઓને દુઃખી જોઇને કે ભિક્ષા માટે પોકાર કરતા યા ટળવળતા જોઇને કાંઇ પણ આપવા ઇચ્છાને ગહેનપણું આપવી નહી તે તેમના શ્રીમંતપણાને શરમાવનારૂં છે

શ્રી જિનેશ્વર પણ દીક્ષા લેવાના પ્રારંભમાં એક વર્ષ પર્યંત જે યાચના કરવા આવે તેને મનવાંછિત દાન આપે છે. તેને માટે એક કવિ કહે છે કે-

ધર્મ પ્રભાવના કારણ જગગુરૂ, અનુકંપા પણ ધારીરે;
સંવત્સરી દીએ જગદીશ્વર, કાંઇક રોર નિવારીરે.

આ વાર્ષિકદાનમાં ધર્મ પ્રભાવના અને અનુકંપા એ બંને હેતુ હોય છે. શ્રી કચ્છદેશના ભદ્રેશ્વર નગરમાં રહેનારા શ્રીમાળી જગડુશાહે સંવ

૧૩૧૫ માં જ્યારે મહા દુષ્કાળ પડયો ત્યારે એકસોનેબાર દાનશાળાઓ ઉઘાડીને દીન અનાથને અન્નદાન આપ્યું હતું. આ ગૃહસ્થ બહુ મોટા સાહુકાર હતા અને તેમણે કોઈપણ પ્રકારની આગાહી જાણવાથી પુષ્કળ અનાજનો સંગ્રહ આખા હિંદુસ્થાનમાં સ્થાને સ્થાને કરેલો હતો. એ દુર્ભિક્ષમાં તેમણે પુષ્કળ દાન આપવા ઉપરાંત મોટા મોટા રાજા બાદશાહોને પણ અનાજની મદદ આપી હતી. તેણે હમીરશાહને બારહજાર મુડા, વીસલદેવને આઠહજાર મુડા અને દીલ્લીના બાદશાહને એકવીશહજાર મુડા ધાન્ય ઉછીનું આપ્યું હતું. તે વખતે મોં માગ્યા પૈસા મળે એમ હતા છતાં તેણે ઉદાર દીલથી પૈસા ન માગતાં ધાન્ય આપ્યું હતું.

જૈન બંધુઓએ એવા દુષ્કાળની ભાવના કરવી કે તેવા હેતુથી દુકાળની કમાણી ખાવા માટે ધાન્યનો સંગ્રહ કરવો તેનો જૈન શાસ્ત્રકારે ખાસ નિષેધ કરેલો છે. એવી રીતે ખાવું પીવું અને તેમાંથી કમાણીથી વધારે દ્રવ્ય લેવું નિષિદ્ધ છે; એમ કરવાથી દયાવૃત્તિ નાશ પામી જાય છે, જેથી આત્મકલ્યાણ પણ નષ્ટ થાય છે.

સમૃદ્ધિવાળા ગૃહસ્થે ભોજન સમયે તો ખાસ કરીને દયા દાન વિશેષ કરવું, અને નિર્ધનને યથાશક્તિ દાન આપવું. કહ્યું છે કે—

कुक्षिंभरी न कस्कोऽत्र, बह्वाधारः पुमान् पुमान् ।
तस्मात्कालागतानत्र, भोजयेद् बांधवादिकान् ॥

"આ જગતમાં પોતાનું પેટ ભરનારા તો કોણ નથી? પરંતુ તેઓ કાંઈ પુરુષ કહેવાતા નથી. પુરુષ તો જે બહુ મનુષ્યાદિના આધારભૂત હોય છે તેજ કહેવાય છે તેથી ભોજન સમયે આવેલા બંધુવર્ગાદિકને જરૂર જમાડવા.

આ હકીકત પરત્વે ચિત્રાંગદ રાજાનું દૃષ્ટાંત છે તે આ પ્રમાણે— ચિત્રકુટ ( ચિતોડ ) માં ચિત્રાંગદ નામે રાજા હતો. એક વખતે તેના કિલ્લા ઉપર શત્રુઓએ ઘેરો ઘાલ્યો. તે વખતે જો દરવાજા ઉઘાડા રાખવામાં આવે તો શત્રુ સૈન્યને પ્રવેશ કરવાનો ભય હતો છતાં તે ધાર્મિક રાજા ભોજન વખતે નગરના દ્વાર ઉઘાડા રખાવતો હતો, અને તે વખતે જે યાચકાદિ આવતા તેને પોતે દાન આપતો યા અપાવતો હતો. આવા ભયમાં પણ પોતાની ફરજ ન ભૂલવી એ ખરેખરી દઢતા છે.

પ્રારંભના શ્લોકમાં બાળ વિગેરેને જમાડીને જમવાનું સૂચવ્યું છે તેમાં વિગેરે શબ્દથી બાળકો ઉપરાંત વૃદ્ધ, ગ્લાન, માતાપિતા, પુત્રવધૂ, સેવક વર્ગ

અને પશુઓ એ સર્વનું ગ્રહણ કરવું. ઘરના સ્વામીએ જમ્યા અગાઉ એ સર્વની ઉચિત સંભાળ લેવી જોઇએ. બાળ, વૃદ્ધ કે ગ્લાન એટલે વ્યાધિવાળાની ખાવા પીવાની સંભાળ અવશ્ય પોતાના જમ્યા અગાઉ લેવી યોગ્ય છે. માતા પિતા તો પૂજનિક છે તેથી તેની સંભાળ લેવાની તો ખાસ ફરજ જ છે. સુવાસણીની સંભાળ જો લેવામાં ન આવે તો વખતપર શરમને લીધે તેને ભુખ્યા રહેવાનો સંભવ રહે છે, સેવકવર્ગને પહેલાંજ જમાડવા એવો ખાસ નિયમ હોતો નથી, પરંતુ તેની તજવીજ પ્રથમ કરવાની આવશ્યકતા છે. તેમ થવાથી તેઓ પ્રસન્ન ચિત્તે કાર્ય કરે છે. પશુઓના ચારાપાણીની સંભાળ તો ઘરે આવતાં વેંતજ જોઇએ, કારણ કે તે તો વાચા વિનાના પ્રાણી છે. આખો દિવસ ભુખ્યા તરસ્યા રહે તોપણ બોલી શકે તેમ નથી. વળી તેની સંભાળ માટે રાખેલા નોકરો પણ જો ધણીનો અંકુશ હોય છે તોજ જનાવરની પુરતી સંભાળ રાખે છે; નહીંતો કાળક્ષેપ કરે તેમાં તો શું નવાઇ! પણ તેના ખોરાકના પદાર્થમાંથી ઉપાડી પણ જાય છે. માટે એ બાબતમાં સાવધાની રાખવાની જરૂર છે.

એ બધાની સંભાળ લીધા પછી નવકાર ગણીને તેમજ પોતે જે પચ્ચખાણ કરેલું હોય તે સંભારીને પછી જમવું. નવકાર મંત્રનું સ્મરણ વિઘ્નના નિવારણ માટે અને મંગળિકની નિષ્પત્તિ માટે છે; અને પચ્ચખ્ખાણ સંભારવાની આવશ્યતા પચ્ચખ્ખાણના ફળની વૃદ્ધિ માટે છે. પચ્ચખ્ખાણને વારંવાર સંભારવાથીજ તે પળી શકે છે. કહ્યું છે કે-'**पालिय पुण पुण सरियं.**' વળી વારંવાર સંભારવાથી ફળની પણ વૃદ્ધિ કહેલી છે. આ વાક્યમાં ગર્ભિત રીતે આખા દિવસમાં કોઇ વખત અથવા કોઇ દિવસ પચ્ચખ્ખાણ વિના ન રહેવું એવું સૂચવન છે. પ્રાતઃકાળે ઓછામાં ઓછી નવકારશી અને સાંજે દુવીહાર કરવાની દરેક શ્રાવકની ફરજ છે. ચૌદ નિયમ ધારનાર તેમજ ગંઠશી વિગેરે કરનાર આખા દિવસના પચ્ચખ્ખાણી છે. ગંઠશી વિગેરે કરનારનો ખાતાં પીતાં જેટલો વખત જાય છે તે શિવાયનો તમામ વખત વિરતિપણામાં ગણેલો છે.

શ્રાવકને માટે ભોજનનો વખત નિર્ણીત કરેલો છે. તેથી ભોજન સમયનું ઉલ્લંઘન ન કરવું; ઉચિત સમયેજ ભોજન કરવું. તે સંબંધમાં કહ્યું છે કે-

**यामम्ध्ये न भोक्तव्यं, यामयुग्मं न लंघयेत् ।**
**याममध्ये रसोत्पत्तिः, यामयुग्मे बलक्षयं ॥**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"એક પહોર દિવસ ચઢયાની અંદર જમવું નહીં, અને બે પહોરનું ઉલંઘન કરવું નહીં. એક પહોરની અંદર જમવાથી રસોત્પત્તિ થાય છે, અને બે પહોરનું ઉલંઘન કરવાથી બળનો ક્ષય થાય છે." આમાં વૈદકનો અથવા શારીરિક નિયમનો સમાવેશ કરેલો છે. શરીરની સંભાળ રાખવાની પણ કેટલેક અંશે આવશ્યકતા છે. પ્રાતઃકાળમાં વહેલું ખાવાની બાબતમાં બાળક અપવાદમાં છે. ઉમ્મરમાં આવ્યા બાદ બીજા પહોરમાં જમવાની ટેવ રાખવાની જરૂર છે. તેમાં બીજો પણ એક હેતુ છે કે-બીજે પહોરે જમવાની ટેવવાળાને વ્રત નિયમ કરવા સહેલા પડે છે, પ્રાતઃકાળમાંજ જમવાની ટેવવાળાને નોકારશી કરવી પણ મુશ્કેલ પડે છે. પહેલા પહોરમાં જમનારને રસોત્પત્તિ થવાની કહી છે તે અજીર્ણ વિપાક સમજવી. વૈદકશાસ્ત્ર પણ એ બાબતમાં પ્રમાણ આપે છે.

યોગ્ય સમયે જમવામાં પણ ચાલતી ઋતુને અનુકૂળ આહાર કરવો. તે સંબંધમાં કહ્યું છે કે 'શરદઋતુમાં જળ પીવાયું, પોસ માઘમાં જે ખવાયું અને અશાડમાં જે સુવાયું તેનાવડેજ મનુષ્ય જીવે છે." વળી— "વર્ષાઋતુમાં લવણ અમૃત છે, શરદઋતુમાં જળ અમૃત છે, હેમંતઋતુમાં ગાયનું દુધ અમૃત છે, શિશિરઋતુમાં આમળાનો રસ અમૃત છે, વસંતઋતુમાં ઘી અમૃત છે, અને ગ્રીષ્મઋતુમાં ગોળ અમૃત છે." અર્થાત્ તે તે ઋતુમાં તે તે વસ્તુ અમૃત સમાન ગુણકર્તા છે. તેમાં પણ પોતાની શારીરિક પ્રકૃતિને અનુકૂળ હોવા ઉપર વધારે આધાર છે, તેથી તે સંબંધી ચોકસ વિચાર રાખવો.

વળી સર્વ ભોજન લોલુપતા શિવાય કરવું. લોલુપતાવડે ભોજન કરવાથી કર્મબંધ થાય છે, તેજ ભોજન લોલુપતા શિવાય કરવાથી તેવો કર્મબંધ થતો નથી કહ્યું છે કે—

क्षणमात्र सुखस्यार्थे, लौल्यं कुर्वंति नो बुधाः ।
कंठनाडीमतिक्रांतं, सर्व तदशनं समं ॥

"ક્ષણમાત્રના સુખને માટે પંડિત પુરૂષો લોલુપતા કરતા નથી. કારણ કે કંઠની નળી અતિક્રમ્યા પછી તો જે ભોજન કર્યું હોય તે બધું સરખું છે." કેટલાક માણસો માત્ર જીભની લોલુપતાના કારણથી કંદમૂળાદિ અભક્ષ પદાર્થોનું ભક્ષણ કરે છે, અને મદિરા વિગેરે અપેય પદાર્થનું પાન કરે છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ તેથી અત્યંત કર્મબંધ થાય છે. બાકી વસ્તુનો સ્વાદ તો ક્ષણમાત્રજ રહે છે; અને તેથી થયેલા કર્મબંધના વિપાક મહા માઠા ઘણા કાળ પર્યંત ભોગવવા પડે છે તેથી આ બાબત ખાસ લક્ષમાં રાખવાની અગત્ય છે.

વળી અધિક ભોજન પણ કરવું નહીં. અધિક ભોજન કરવાથી અજીર્ણ, વમન, વિરેચન વિગેરે વ્યાધિઓ ઉત્પન્ન થાય છે, અને ખાતાં મેળવેલા સુખ કરતાં દુઃખ ઘણું વિશેષ ભોગવવું પડે છે. ડાહ્યા મનુષ્યો તો ગમે તેવા સ્વાદવાળી વસ્તુ પણ પ્રમાણ કરતાં વધારે ખાતા નથી. એક પંડિતે કહ્યું છે કે "હે જીભ! તું જમવાનું ને બોલવાનું પ્રમાણ જાણી લે, કારણ કે અતિ જમવાનું ને અતિ બોલવાનું પરિણામ બહુ દારૂણ આવે છે." આ શિખામણ ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. કારણ કે ડાહ્યા માણસો પરિણામ તરફ પોતાની દૃષ્ટિ રાખીનેજ સર્વ કાર્ય કરે છે. તાત્કાળિક દેખાવ ઉપર મોહ રાખી ફરી પડતા નથી.

એક વિદ્વાને કહ્યું છે કે—"હિતકારી મિતને પકવ ભોજન કરનાર, ડાબે પડખે સુનાર, ચાલવાની ટેવ રાખનાર, દસ્ત પિશાબને નહીં રોકનાર અને સ્ત્રીના સંબંધમાં મનને વશ રાખનાર-એવો પુરૂષ સર્વ વ્યાધિઓને જીતે છે." આ હિતશિક્ષા ખાસ ધ્યાન આપવા યોગ્ય છે. ભોજનના સંબંધમાં હિતકારી એટલે પથ્ય ભોજન સમજવું, મિત એટલે પ્રમાણોપેત સમજવું, અને પકવ તે પૂરૂં પાકેલું સમજવું. તેથી વિપરીત એટલે કુપથ્ય, અપરિમિત ને અપકવ ભોજન જો કરવામાં આવે છે તો શરીરને અવશ્ય હાની થાય છે. વળી કહ્યું છે કે-"અગાસે, તડકામાં, અંધકારમાં, ઝાડની નીચે, સ્મશાનમાં, પોતાના આસન ઉપર બેઠા બેઠા, તર્જની આંગળીને ઉંચી કરીને, ડાબી નાસિકા વહેતી હોય ત્યારે, કેવળ ભૂમિપર બેસીને અને જોડા પહેરીને ખાવું નહીં તેમજ ટાઢું થઇ ગયેલું ભોજન ફરી ઊનું કરીને પણ ખાવું નહીં." આમાં જણાવેલી દરેક બાબત લક્ષ આપવા યોગ્ય છે. અગાસે જમવાથી ભોજનમાં રજ કે ઝીણા જંતુ વિગેરે અકસ્માત્ આવીને પડે છે, તડકે જમવાથી ભોજનનો રસ વિકૃત થઇ જાય છે, અંધકારમાં જમવાથી ભોજ્ય પદાર્થમાં ગમે તે આવી જાય તો તેની ખબર પડતી નથી, ઝાડ નીચે જમવા બેસવાથી અનેક જાતિના પક્ષીઓની વિષ્ટા કે સર્પાદિ ઝેરી પ્રાણીઓની ગરલાદિ ભોજનમાં પડવાનો સંભવ રહે છે, સ્મશાનમાં જમવું તે સર્વથા વર્જ્ય છે, કારણ કે ત્યાં નિરંતર અપવિત્ર પરમાણુઓ ઉડયાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે છે, તેનું આહારમાં મિશ્રણ થાય છે. પોતાને કાયમ બેસી રહેવાના આસનપર જમવાથી તે એઠું થાય છે, અને ઝાઝે દિવસે મક્ષિકાનું સ્થાન થઇ પડે છે. તર્જની આંગળી ઊંચી કરીને જમવું તે અપલક્ષણ છે. ડાબી નાસિકા વહેતી હોય ત્યારે જમવાથી પાચન થતું નથી. કેવળ ભૂમિપર બેસીને જમવું ઘણા કારણોથી વર્જ્ય છે, જમીન ઉપર અનેક અપવિત્ર વસ્તુ લાગેલી હોય છે તે ઉપર ઉપરથી સુકાઇ જવાને લીધે દેખાતી નથી, પરંતુ તેની અપવિત્રતા નાશ પામતી નથી; તેથી પોતે આસન નાખીને તે પર બેસીને અને ભોજનપાત્ર પણ જમીનથી જરા ઉંચું મુકીને ભોજન કરવું. જોડા પહેરી રાખીને કાંઇપણ ખાવું તે નિષિદ્ધ છે. હાલના જમાનામાં આ બાબત શિથિળ થતી ચાલી છે, પરંતુ તે આચારથી ભ્રષ્ટ થવાનાં ચિન્હ છે. અનેક પ્રકારની અપવિત્ર વસ્તુમાં વિહરનાર જોડા પહેરી રાખીને ખાવું તેમાં શું શ્રેષ્ઠતા સમાણી છે તે કાંઇ સમજી શકાતું નથી. છેવટે ટાઢું થઇ ગયેલું ભોજન ફરીને ઊનું કરાવીને જમવું નહીં એમ કહેલું છે તે તો વૈદકના નિયમથી પણ સિદ્ધ છે. કારણ કે બીજીવાર ઊના કરેલા ભોજનમાં રસ વિકૃતિ પામે છે, અને તે ખાવાથી શરીરમાં વ્યાધિ ઉત્પન્ન થવાનો સંભવ છે.

શ્રી વિવેક વિલાસ ગ્રંથમાં તેના કર્ત્તાએ ભોજન આશ્રી આઠ શ્લોકો કહેલા છે તેનો સાર આ પ્રમાણે છે—

"એકજ વસ્ત્ર પહેરીને, બીજું વસ્ત્ર માથે વીંટી રાખીને, અપવિત્રપણે અને અતિ લોલુપતા રાખીને સુજ્ઞ પુરૂષે ભોજન કરવું નહીં. ૧" અન્યદર્શનીઓ ઉઘાડે શરીરે ભોજન કરવાનું કહે છે અને તેમ કરતા દેખાય છે, પરંતુ જૈનબંધુઓને માટે એક વસ્ત્ર પહેરીને અને બીજું ઓઢીને ભોજન કરવાનું કહેલું છે. વસ્ત્ર ઓઢી રાખવામાં બહુ પ્રકારના શારીરિક ફાયદા છે. બીજું વસ્ત્ર માથે વીંટી રાખવાથી શરીરમાં શીતળતા થાય છે, પણ જમતી વખતે તો ઉષ્ણતાની ખાસ આવશ્યક્તા છે.

"મળમૂત્રાદિવડે અપવિત્ર થયેલું, ગર્ભાદિ હત્યાના કરનારાએ જોયેલું, રજસ્વલા સ્ત્રીએ અડકેલું અને ગાય શ્વાન કે પક્ષીઓએ બોટેલું કે સુંઘેલું ભોજન જમવું નહીં. ૨" પાપી પુરૂષોની દૃષ્ટિમાં પણ કેવું દુષિતપણું રહેલું છે તે આ ગાથામાં કહેલા ભાવથી જણાઇ આવે છે. તેથીજ ગર્ભહત્યા વિગેરેના કરનારાએ જોયેલું ભોજન પણ વર્જ્ય કહેલું છે. ગાય, શ્વાન કે

For Private And Personal Use Only

પક્ષીઓ ભોજન કરવાને સ્થાને આવે નહીં તે ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે, જેથી તેમના બોટવા કે સુંઘવાથી ભોજનને બાળવાની જરૂર રહે નહીં.

"ભોજનની પહેલાં જળ પીવું તે વિષ જેવું છે, અંતે પીવું તે શિલા જેવું છે, અને મધ્યે પીવું તે અમૃત જેવું છે. ૩." જળ પીવાના સંબંધમાં આ હકીકત ખાસ ધ્યાનમાં રાખવાની છે, મધ્યે જળ પીવું તેજ સુખકારી છે તેથી આચમાં કે અંતે જળ પીવાની ટેવજ રાખવી નહીં "ભોજન કર્યા પછી સર્વ રસે ભરેલા હાથવડે પ્રતિદિન જળનો એક ગંડુષ પીવો. ૪ જમીને હુંફાળા પાણી જળથી આર્દ્ર એવા હાથવડે બે લમણા, બીજો હાથ કે નેત્રને સ્પર્શ કરવો નહીં પણ ઢીંચણ ઉપરજ તે હાથ ફેરવવો. ૫ ભોજન કર્યા પછી ડાબે પડખે બે ઘડી નિદ્રાવગર શયન કરવું અથવા સો ડગલાં ચાલવું. ૬" આ પણ બાબતમાં શરીર સુખાકારીના હિતનું ગ્રહણ કરેલું છે. સર્વ રસ ભરેલા હાથવડે જળનો ગંડુષ પીવાથી સર્વ રસ સમકાળે મળી શકે છે. જળાર્દ્ર જમણો હાથ ઢીંચણ ઉપર ફેરવવો તે પુષ્ટિકારક છે, અને જમીને સો ડગલાં ચાલવું અથવા ડાબે પડખે સુવું તે પાચન કર્તા છે. તેમાં પણ નિદ્રા વગર સુવાનું કહેલું છે તે ધ્યાનમાં રાખવાનું છે. પ્રાયે દિવસે નિંદ્રા લેવી તે શારીરિક શક્તિને મંદ કર્તા છે; તેથી રાત્રિએ વહેલા સુવું પણ દિવસે ઉંઘવું નહીં.

"ભોજન સમયે અગ્નિ, નૈઋત ને દક્ષિણ દિશા, સંધ્યાકાળ, સુર્ય ચંદ્રના ગ્રહણની વેળા અને સ્વજનાદિકનું શબ પડેલ હોય તો તે વખત અવશ્ય વર્જવો. ૭" આમાં ત્રણ દિશા વર્જ્ય છે તે કનીષ્ટ દિશા હોવાથી તથા સંધ્યાકાળ વર્જેલ છે તે વ્યંતરાદિના પ્રચારવાળો કનીષ્ટ કાળ હોવાથી વર્જેલ છે. લોકીકમાં પણ તેનો નિષેધ છે. સૂર્ય ચંદ્રના ગ્રહણની વખતે દિશાઓ શૂન્ય દેખાય છે, અને એવા પરમાણુ સ્કંધો ફેલાયેલા લાગે છે કે જે ભોજનમાં આવવાથી હાની કરે તેવા હોય છે. સ્વજનાદિકનું શબ પડેલ હોય ત્યાં સુધી જમાય નહીં તે તો વ્યવહારથી પણ સમજી શકાય તેવું છે. એવે વખતે જમનાર લોકમાં પણ નિંદા પાત્ર થાય છે. વળી તે વખતે અશુચિ ફેલાવાનો પણ સંભવ છે. આકરું મરણ હોય છે તો ચિત્ત પણ શોકયુક્ત હોય છે. શોકયુક્ત ચિત્તે ભોજન કરવાથી શરીરને પણ હાની થાય છે.

For Private And Personal Use Only

આ બધી બાબતમાં એટલું ચોક્કસ સ્મરણમાં રાખવાનું છે કે અપવિત્ર પરમાણુઓ ભોજનમાં આવવાથી તે બુદ્ધિનો ભ્રંશ કરે છે, વિચારને મલિન કરે છે, અને આચારથી ભ્રષ્ટ કરે છે.

આઠમો શ્લોક સાધારણ છે. તેમાં કહ્યું છે કે—"ભોજન કરતાં, મૈથુન સેવતાં, સ્નાન કરતાં, વમન કરતાં, દાતણ કરતાં, મળોત્સર્ગ કરતાં અને પેશાબ કરતાં બુદ્ધિમાન્ મનુષ્યે મૌન રાખવું (બોલવું નહીં). ૮" આ સાત કાર્ય કરતાં બોલવાથી બીજી હાની થવા ઉપરાંત જ્ઞાનાવરણી કર્મનો પણ બંધ થાય છે, તેથી તે વખતે અવશ્ય બોલવું નહીં. તેમાં મૈથુન ક્રિયા વખતે બોલવું તે કામચેષ્ટાની વૃદ્ધિ કરનાર હોવાથી વર્જ્ય છે. શ્રાવક મૈથુન સેવા અતિ રક્તપણે કરતાજ નથી; પ્રાયે તેની આસક્તિ કમી હોય છે.

છેવટે કહ્યું છે કે "ભોજન કર્યા પછી નવકાર મંત્રનું સ્મરણ કરીને ઉઠવું." આ ઐહલૌકિક તથા પારલૌકિક મંગળિકનું અપ્રતિમ કારણ છે.

ઉપર જણાવ્યા ઉપરાંત શ્રાદ્ધવિધિ તથા હિતશિક્ષાના રાસ વિગેરેમાં પણ ભોજન આશ્રી અનેક વિચારો બતાવેલા છે તેપણ હવે પછીના અંકમાં જણાવશું.

ઉપર જણાવેલ બાબતો શ્રાવકે ભોજન અવસરે ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. તે પ્રમાણેની વિધિ સહિત કરેલું ભોજન પ્રશંસનીય તેમજ હિતકર્તા છે.

---

# ढुंढकमति साथे नाभामां थयेल चर्चा विषे खुलासो.

પંજાબમાં આવેલા નાભા નામના શેહેરમાં ત્યાંના રાજાના પંડિતો સમક્ષ ઢુંઢકમતિ સાધુ ઉદેચંદજી તથા મુનિરાજ શ્રી વલ્લભવિજયજીને વિવાદ થયેલો તે બાબતનો ફેંસલો નાભા રાજ્યના પંડિતોએ આપ્યો તે ઉપરથી ઢુંઢકમતિ, જેઓ હાલમાં પોતાને તે નામથી ન ઓળખાવતાં તે નામને વૈરી કાળનું છતાં બીલકુલ ભૂલી જઇ સ્થાનકવાસી કહેવરાવે છે તેમના

તરફથી રાજકોટમાં નીકળતા " શ્રાવક " નામના પત્રે ગયા જેઠ માસના પોતાના પુ. ૧ લાના અંક ૩ જામાં વધારો બહાર પાડી તે સંબંધી વિસ્તારથી લખેલું છે તેમાં તેઓ જણાવે છે કે-" નાભા સરકારે જાહેર પ્રસિદ્ધ કર્યું છે કે-વેદ વ્યાસજીના બનાવેલા શીવપુરાણમાં જૈન સાધુઓના જેજે ચિન્હ બતાવેલા છે તે તમામ હાલના સ્થાનકવાસી સાધુઓમાં જોવામાં આવે છે. વિગેરે વિગેરે કારણોને લઇને સાબીત થાય છે કે સ્થાનકવાસીઓ અનાદિ છે અને સંવેગમત અનાદિ નથી. નવો થયેલો છે અને પૂજન વિગેરે પાછળથી દાખલ થયેલ છે. "

આ લેખ વાંચ્યાબાદ તરતમાં કાંઇ પણ લખવાનું અમે મુલતવી રાખ્યું હતું કારણ કે નાભા સરકારના ઠરાવની આખી નકલ અમે મંગાવી હતી અને શીવપુરાણ જોવાની આવશ્યકતા હતી. ઠરાવની નકલ તાજેતરમાંજ આવી ગઇ હતી ને હાલમાં શીવપુરાણના તે અધ્યાય પણ અમે જોઇ વાંચ્યા છે તે ઉપરથી આ લેખ લખવાની જરૂર પડી છે.

પ્રથમ તો નાભા સરકારના ઠરાવનો જે ઇંતેખાપ " શ્રાવક " પત્રે પ્રગટ કર્યો છે તેમાં જે શબ્દો વાપર્યા છે તેમજ નીચે નોટમાં પણ જે શબ્દો લખ્યા છે તેવા શબ્દો નાભા સરકારના ફેસલામાં છેજ નહીં. નાભા સરકારનો ફેસલો પ્રથમતો આપણને બંને વર્ગને માન્ય કરવા લાયક નથી; કારણ કે તેમણે ફેસલો આપવાનું કામ આપણા સિદ્ધાંતો ઉપરથી કરવાનું હતું તે તો બાજુપર રાખીને તે ફેસલામાંજ લખે છે કે-બંને પક્ષ તરફથી શાસ્ત્રોના અર્થ જુદા જુદા બતાવવામાં આવતા હતા તેવામાં કોઇએ શીવપુરાણની યાદ આપી કે તેમાં જૈનનો વેશ બતાવ્યો છે તે ઉપરથી શીવ પુરાણની જ્ઞાનસંહિતાના ૨૧ મા અધ્યાયમાંથી અમુક અમુક શ્લોકો જોયા અને તે ઉપરથી નિર્ણય કર્યો. આ નિર્ણયના શબ્દો તેના ઠરાવમાં નીચે પ્રમાણે છે—

"शिवपुराणमें जैनमत पंथ मायिक लीखा है इससें गृहस्त सिद्ध होता है क्योंकि मायिक गृहस्ती होताहै. सो दरजा गृहस्तका अधिक हुआ. इस वास्ते बनिस्बत औरमतके साधुओंके इनके मतमें स्त्रीयांभी साधु ज्यादा होती है. मायिक पंथको

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



इखत्यार है कि जैसा लिबास और चिन्ह वगैरा रखनेसे उनके शिष्योमें उनकी प्रभुता हो वेसा रखे. क्योंकि ऐसे साधु पर आश्रय होतेहै. जो वेदांतमतमें साधु है सो स्व आश्रे है."

हमारी रायमें जो भेष और चिन्ह जैनीयोंके शिवपुराणमें लिखेहै वो सभ वहीहै जो इसवख्त ढुंढीये साधु रखतेहै दर असल इसतदाइ चिन्ह रखनेहि वाजब है. अगर मायिकपंथ समझकर कमावेश करना चाहें तो कोइ मुमानत नहीं है क्यों कि मायिकपंथ बंधनमें नहीं बल्के अजाद है.

આની બાકી બીજી હકીકત લખી છે કે જેમાં ચાલતી હકીકતને સંબંધ નથી.

ઉપરના ફેસલાની ભાષા હિંદુસ્તાનીને લગતી છે તેથી તે સમજી શકાય તેમ હોવાથી તેનો અર્થ લખવાની જરૂર નથી. હવે પ્રથમ તો અમે એ પુછીએ છીએ કે " શ્રાવક " પત્રના અધિપતિ સાહેબે લખેલ શબ્દો આ ફેસલામાં ક્યાં છે ? આવું અસત્ય લખવામાં શોભા છે ? આખો ફેસલો અમારી પાસે તૈયાર છે. શંકા હોય તેણે ખુશીથી વાંચી જવો અથવા નકલ મંગાવવી. સ્થાનકવાસી અનાદિ છે અને સંવેગી અનાદિ નથી, નવા થયેલ છે.' આવું આમાં ક્યાં લખ્યું છે? વળી પૂજા વિગેરે પાછળથી દાખલ થયા છે, એમ બાહ્યબંધ " શ્રાવક " લખે છે તો તેની તો આમાં ગંધ પણ નથી; માટે જે લખવું તે તપાસ કરીને સત્ય લખવું એજ પત્રકારની ફરજ છે.

શિવ પુરાણનો પ્રસ્તુત અધ્યાય કે જેમાં ખાસ કરીને જૈનમતની નિંદાજ છે, તેને માયિકની ઉપમા આપી બહુ કનીષ્ટ પંક્તિમાં મુકેલો છે. તેવા ગ્રંથ ઉપર આધાર રાખી કુદનું વ્યાજબી છે ? કદિ વ્યાજબી માનતા હોતો શિવપુરાણ જોયું છે ? તેમાં શું લખ્યું છે ? ફેસલો આપનાર ગમે તે કારણથી અથવા મતિદોષથી ગમે તેમ લખે કે-"**જો ભેષ ઓર ચિન્હ જૈનિયોંકે શિવપુરાણમેં લિખે હૈ વો સભ વહી હૈ જો ઇસવખ્ત ઢુંઢિયે સાધુ રખતે હૈ**" પણ જેને બાહ્ય અભ્યંતર નેત્ર હોય છે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો કોઇ સમજી શકે છે કે તેમાં ખરૂં શું છે? જુઓ શિવપુરાણના પશ્ચાત્ અધ્યાયનો શ્લોક ૩ જો-

**वस्त्रयुक्तं तथा हस्तं, क्षिप्यमाणं मुखे सदा ।**
**धर्मेति व्याहरंतं तं, नमस्कृत्य स्थितं हरेः ॥१॥**

આનો અર્થ લખવાની અમારે જરૂર નથી. જેઓ નાભાના ફેસલાથી રાજી રાજી થઇ ગયા હોય તેમણે પોતે આ શ્લોકનો અર્થ વીચારી લેવો. આ શ્લોકમાં મુહપત્તિ હાથમાં રાખેલી લખી છે કે મોઢે બાંધેલી લખી છે? વળી આમાં 'ધર્મલાભ' કહે છે એમ લખ્યું છે કે 'ઢુંઢ' કહે છે એમ લખ્યું છે?

ફરી આગળ ઉપર પચ્ચીશમો શ્લોક છે તે ઉપર ધ્યાન પહોંચાય તો તેમાં પણ **तुंडे वस्त्रस्य धारका** લખેલ છે **तुंडे वस्त्रस्य बंधका** લખેલ નથી. મુખવસ્ત્રિકા બહુધા ભાગે મુખપાસે રાખવામાં આવતી હોવાથી મુખે વસ્ત્ર ધારક કહેવાય પણ તેથી બાંધવાપણું સિદ્ધ થતું નથી. વળી ત્યારપછીના ૨૬ મા શ્લોકમાંજ લખે છે કે—

**धर्मो लाभः परं तत्वं, वदंतस्ते तथा स्वयम् ।**
**मार्जनी धार्यमाणास्ते, वस्त्रखंडविनिर्मिताम् ॥२६॥**

આ શ્લોકમાં પણ ધર્મલાભ કહેવા સંબંધી લખે છે તે વિચારજો. અને તે શંખકારનું અજ્ઞાનપણું પણ જોજો કે વસ્ત્રના ખંડોની બનાવેલી માર્જની (ઓઘો) રાખનારા કહ્યા છે. રજોહરણ (ઓઘો) શેનું બને છે? તેની પણ ખબર જણાતી નથી.

આ બધું નાભાના ફેસલા ઉપર વાત ધરાવનાર માટેજ લખ્યું છે. અમે તો એને માન્ય પણ કરતા નથી અને તેનાપર બળાપણ કરતા નથી. કારણ કે ફેસલો આપનારા પ્રસિદ્ધ જૈનના દ્વેષી છે. તેઓ પોતાના ફેસલાના પ્રારંભમાંજ લખે છે કે—

"સરકારવાલાકો ખ્યાલ હુવા કિ અગરચિ જૈનીઓંસે સિલને કિ હમારે શાસ્ત્રમેં મુમાનત હૈ લેકિન ગવર્મેંટ ઇંગ્લિશયા બાહાદુરકિ તરફસે જો હમેં રાજ ખિતાબ હાંસલ હૈ ઇસલિયે જો શખસ દરખાસ્ત કરે ઉસકા સુનના જરૂરી હૈ."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેઓ 'ઢંઢીઆને મળવાની પણ અમારા શાસ્ત્રમાં મનાઈ છે' એમ માને તેમની પાસેથી ફેંસલો લેવો કે તે ઉપર આધાર રાખવો તે કેટલું બધું ગેર મુનાસબ છે. તે સુજ્ઞ જૈનોએ સ્વયમેવ વિચારી લેવું.

આ લેખ સમાપ્ત કરતાં ચાર પ્રશ્ન અમારા દિલમાં ઉઠે છે, તે આ નીચે લખ્યા છે તેનો વ્યાજબી ઉત્તર મળશે તો આભાર માનશું.

૧ આજ સુધી ઢુંઢીયા કહેવાવામાં શરમ નહોતી લાગતી. મૂળથી તે નામથીજ પંથ કાઢ્યો છે ને તેનાપરથીજ દેશપરદેશમાં હજુ પણ ઓળખાય છે છતાં હવે તે નામથી શરમ લાગવા માંડી છે તેનું શું કારણ? ઢુંઢક પક્ષ તરફથી નીકળતાં બંને ચોપાનીઆમાં એ શબ્દજ દેખાતો નથી અને ઉપાશ્રયે લગાવેલા પાટીઆમાં પણ ઢુંઢીયા શબ્દ ફેરવીને સ્થાનકવાસી શબ્દ લખવા પડે છે તેનું શું કારણ?

૨ સાધુ માટે આજ સુધી ઢુંઢકમતિ 'રીખ' શબ્દ વાપરતા હતા તે ભૂલી જઈને હવે મુનિરાજ શબ્દ વાપરવા માંડયો છે તેનું શું કારણ?

૩ પ્રતિમાને માન્ય કરનારા શ્વેતામ્બરીઓને માટે "દેરાવાસી" શબ્દ ક્યાંથી શોધી કાઢ્યો છે? શું સ્થાનકવાસી શબ્દ સાથે ઠીક લાગવાથી જોડી કાઢ્યો છે? વાસી કેમ કહેવાય? દેરામાં વસે છે કોણ? શ્રાવકો તો દેરામાં રહેતા નથી, ત્યારે શા કારણથી એવું નામ જોડી કાઢયું છે?

૪ જિનમૂર્તિને ન માનવી અને સાધુ શ્રાવકના ફોટોગ્રાફનું કામ બહોળે હાથે શરૂ રાખવું તેનું શું કારણ? ફોટો તે સ્થાપના કે બીજું કાંઈ? સિદ્ધાંતકારે જ્યારે સ્થાપના સત્ય કહ્યું છે ત્યારે પ્રતિમાના સંબંધમાં ના પાડવી અને ફોટોના સંબંધમાં આ અમારા ગુરૂનો ફોટો છે, આ અમારા પિતાનો છે અને આ અમારા મિત્રનો છે ઇત્યાદિ કહેવું ત્યારે આ અમારા દેવની મૂર્ત્તિ છે એમ કહેવામાં અડચણ શું?

આ ચાર પ્રશ્નોના ઉત્તર તટસ્થ વૃત્તિથી ન્યાય પુરઃસર મળે તો જાણવાની આકાંક્ષા છે. ઇત્યલમ્.

---

# सार्वजनिक उन्नतिनी सर्वोत्तम कुंची.

( અનુસંધાન પૃષ્ટ ૨૪૦ થી )

અશુભ કર્મરૂપી અષ્ટાપદ આ આત્મમૃગરાજ પર સ્વારી કરી રહ્યા છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાંસુધી તે મસ્તિક (મગજ) ની યોગ્ય વ્યવસ્થા કરવાનું અથવા તેની સલાહ લેવાનું અર્થાત્ સારાસારનો વિચાર કરવાનું આપણને સુજતું નથી. આપણે ક્ષણિક મોજમાં ફસાઈ તેમાં મશુગુલ્ મગ્ન થવા લાગીએ છીએ, તેટલામાંજ આપણી સર્વ અભિલાષાઓનો સમાવેશ થઇ જાયછે; અને મન મહા અવળું બની આત્મરાજાની સલાહથી અવળું વર્તવા પ્રયત્ન કરે છે. આત્મરાજાની મરજી જો તેને દેવગુરૂ ભક્તિ તથા ભ્રાતૃભાવ વિગેરેમાં યોજવા યત્ન કરેછે તો મનમંત્રી દુષ્ટ થઇ આજ્ઞાભંગ કરી આત્મરાજાને ભમાવે છે, આત્માની પરવા ન રાખતાં સ્વચ્છંદે વર્તે છે. કારણ કે મૂળથીજ આત્મરાજાએ મનને કબજામાં રાખ્યું નથી; અને તેથી તે મનમંત્રી એટલો બધો સ્વતંત્રપણે વર્તવા લાગ્યો છે કે તે કાંઇ પણ સારાસારનો વિચાર કર્યા વગર જેવી તેવી બાબતમાં યદ્વા તદ્વા જ્યાં ત્યાં આત્મરાજાને લઇ જઇ ખરાબ કરે છે, ચોરી કરાવી બંદીખાનામાં ઘલાવે છે, પરસ્ત્રીગમન કરાવી પાયમાલ કરે છે, પ્રાણનો અતિપાત કરાવી પાપી બનાવે છે, અને અસત્યના પાપપૂંજમાં આત્માને દબાવી મારે છે. મોજ મોજ ને મોજ શિવાય મન બીજું કાંઇ સુજવા દેતું નથી, અને મમતા, લોભ, લઘુતા, અજાનતા, અહંકાર વિગેરેને શરુજ કરી નાંખે છે, અને વિષયવાસનામાં ગરકાવ કરી નાખી આ આત્મરાજા જે મહાન્ ઉપરીસત્તા ધરાવનાર પવિત્ર સત્તાધીશ છે તેને કલંક લગાડે છે. મનમંત્રી આત્મરાજાનો હુકમ બિલકુલ નહિ બજાવતું હોવાથી આત્મરાજા બિચારો સ્તબ્ધ થઇ મૂઢ બેસી રહે છે, અને પોતે પણ મલીન થતો જઇ પોતાનું પરાક્રમ—સ્વસ્વરૂપ પ્રકાશ કરી શકતો નથી. જે પ્રકારે બાહ્યપ્રકૃતિ તથા મનઇંદ્રિય વિગેરે તેને પ્રેરણા કરે છે તે પ્રમાણે પોતે પણ તેની મરજીને આધીન થઇ વર્ત્યા કરે છે, અને પોતાની સ્વતંત્રતા ગુમાવી બેસે છે. પોતાનું આત્મસ્વરૂપ ભૂલી જઇ ઘોર નિદ્રામાં પડી રહે છે. પોતાની અનંત આત્મશક્તિનો ઉપભોગ કરવાને નિર્ભાગી બને છે, અને પોતાથી પવિત્ર જે પરમાત્મસત્તા તેની સલાહ લેવાને બદલે તે આત્મરાજા દુષ્ટમંત્રી મન તથા ઇંદ્રિયોની સલાહ લેવાનું વધારે દુરસ્ત ધારે છે.

પરમપ્રિય બંધુઓ ! આપણે જાણવું જોઇએ કે ઇંદ્રિયો તેમજ મન પણ દૃશ્ય વસ્તુ છે; કારણ કે તે પુદ્ગળમાંથી ઉત્પન્ન થાય છે. જ્યારે માણસનું મન દુષ્ટ થાય છે ત્યારેજ તેને અકાળે વિષયવાસના જાગૃત થાયછે, અને મનની દુષ્ટતાને લીધેજ અકાર્ય કરવા તત્પર થાયછે, તેમજ પરદારાગમન વિગેરેમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રવૃત્તમાન થઇ ભારે કર્મી બને છે; તે દરેકના અનુભવની વાત છે. તેથી જાણવું જોઇએ કે તે બધું દુષ્ટ મનની ખરાબીનુંજ પરિણામ છે, અને તેને જીતવાની શક્તિ જેનામાં હોતી નથી તે મહા દુઃખના ભાજન થઇ આ સંસારચક્રમાં ભ્રમણ કર્યા કરે છે.

એક વિષયને જીતતાં, જીત્યો સબ સંસાર;
નૃપતિ જીતતાં જીતીએ, દળ પુર ને અધિકાર. ૧
નિરખીને નવયૌવના, લેશ ન વિષય નિદાન;
ગણે કાષ્ટની પૂતળી, તે ભગવાન્ સમાન. ૨

અલબત, તે મન દુષ્ટ અથવા વિકારી ત્યારે ન ગણી શકાય કે જ્યારે તે સમજ પૂર્વક ( યોગ્ય અવસર જાણી ) પોતાની ફરજ સમજી અથવા સૃષ્ટિનિયમને અનુસરવાની કે સંતતિ વિગેરે વધારવાની પોતાની ઇચ્છા આદિ કારણથી, ફક્ત દુષ્ટતાથી પ્રેરાઇને નહિ પણ રાજસપ્રકૃતિ મારા પર બહુ દબાણ કરે છે તેથી તેને સહન કરવાના અસામર્થ્યને લીધે તેને વશવર્તી મારે થવું પડે છે; અને અંતે હું મારો નિશ્ચયધર્મ ચૂકનાર નથી એમ ધારીને ફક્ત ક્વચિત ક્વચિત આસક્તિ વિના સ્ત્રી સમાગમ કરે છે તો તેને જ્ઞાની પુરૂષો ક્ષમાપાત્ર ગણે છે. પરંતુ જો દુષ્ટ પ્રકૃતિથી પ્રેરિત થઇ અકાર્ય કરવામાં તત્પર રહે છે, અથવા અયોગ્ય રીતે પરસ્ત્રી વિગેરે પર કુદૃષ્ટિ કરે છે, તો તેમાં મન મહા દુષ્ટ ઠરે છે; અને તેથી તે દુષ્ટ મન આડું અવળું ખાડામાં પડી અન્તઃ શિક્ષા પામે છે એટલુંજ નહિ પરંતુ તેના માનસિક કર્મો જીવ પર એટલા બધા અસર કરે છે કે જીવને પાછું અસીમ કાળ પર્યંત સંસારમાં ભટકાવ્યા કરે છે તોપણ પોતાની દુષ્ટતા છોડતું નથી. કારણ કે શારીરિક કર્મો કરતાં માનસિક કર્મો કેટલીક વખત ઘણાંજ ગાઢ અને નિકાચિત થઇ પડે છે.

પ્રિય સુજ્ઞજનો ! આપને મારી નમ્ર વિનંતિ છે કે આ મનુષ્યદેહ આપણને મળ્યો છે તે ખરેખર મહા ઉત્તમ મળ્યો છે. અલબત, મહા પુણ્યરાશિ એકત્ર થઇ હોય ત્યારે ચિંતામણિ રત્ન સમાન મનુષ્ય જન્મ પ્રાપ્ત થાય છે. કારણ કે આ ભવમાંજ આપણને કાંઇ પણ સારાસારનું ભાન થાય છે. દુષ્ટ મનમંત્રી આપણને અનંતકાળથી ભમાવતો રહે છે; તેને માટે આપણને આ ભવમાં એવી સરસ સામગ્રી મળી છે કે તેથી આપણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણા દુષ્ટ મનને સીધું સરળ અને વશવર્તી બનાવી શકીએ તેમ છે, અને તેજ આપણી આ મનુષ્યજન્મ પામીને પવિત્ર ફરજ છે. કોઈ પણ ભવાંતરમાં આવી સામગ્રી પ્રાપ્ત થવી મહા મુશ્કેલ છે. આપણે પ્રથમ તો અસંખ્યાત ઘણીજ અનિષ્ટ યોનિમાં ઉત્પન્ન થયા હોઈશું; ક્યાં ક્યાં ઉત્પન્ન થયા હોઈશું તે કેવલ્યધારક મહાત્મા શિવાય આપણને માલૂમ નથી. પરંતુ આપણા મનની સદસદ્ ગતિ પ્રમાણે આપણી ગતિ થઈ હશે તે તો નિઃસંશય વાતછે; અને તે પણ નિર્વિવાદ વાત છે કે આપણે અનંત પ્રકારની દુષ્ટ અથવા સારી ચોરાશીલાખ યોનિમાં મનમાંહીએ ઉપાર્જેલાં કર્માનુસાર જઈ આવ્યા હઈશું. હવે પ્રિય વાંચકો ! આપને ખુશી થવાનો વખત છે કે તમે આ જન્મમાં જ્ઞાનરૂપ ઝરાનું સુધારસ સમ નિર્મળ જળપાન કરવા ભાગ્યશાળી થયા છો; જ્ઞાનરૂપ ઝરો એવો કોઈ દૈવતાઈ પ્રભાવવાળો છે કે જે આદરથી આ ઝરાના નિર્મળ જળનો આસ્વાદ લઈને પચાવી શકે છે. તે પોતાના અંતર્ગત આત્માને જ્ઞાની બનાવી તેનાપર અનંતકાળથી વળી ગયેલ કર્મદળને ધોઈ સાફ કરી નિર્મળ કરતો જાય છે. જેમ જેમ વધારે જ્ઞાનજળ આત્માને શુદ્ધ કરવાને કામે લગાડાતું જાય છે તેમ તેમ તેનો શુદ્ધ સ્ફટિક જેવો પ્રકાશ ઝળકી નીકળી પોતાના કિરણોને અવનીપર પ્રકાશમાન કરેછે; અને અન્ય જનોના હૃદયદ્વારમાં પણ પ્રકાશ પાડવા સૂર્ય સમાન બને છે. જે પાણીથી પણ પીગળે નહિ તેવા મગશીળીઆ પથ્થરરૂપ હોય છે તે ક્રમશઃ સંસ્કારિત થતાં થતાં શુદ્ધ સૂર્યકાન્ત સદૃશ ગુણ ધારણ કરે છે; અને પછી જેમ શુદ્ધ સૂર્યકાન્ત મણિ સૂર્યનાં કિરણોને ગ્રહણ કરવા બલીષ્ઠ થાય છે, તેમ આપણો આત્મા પણ શુદ્ધતર થવાથી અપૂર્વ જ્ઞાનને ગ્રહણ કરવા ઉદ્યત થતાં બલિષ્ઠ થાય છે; અને જેમ જેમ તેનાપર શુદ્ધ જ્ઞાનનું સિંચન થાય છે તેમ તેમ તેનું શ્રેય વધતું જાય છે, તેથી તે આ દુનિયાને મહા લાભોપાર્જન કરાવી પોતાની અદ્ભુતતા અને અમૂલ્યતા આ લોકમાં મૂકી કાંતો અત્યુત્તમ મોક્ષપદ પામે છે, અથવા પોતાના પુણ્યબંધના ફળ તરિકે મહાઉત્તમ ઋદ્ધિવાન દેવપણાને પ્રાપ્ત કરેછે.

પરમપ્રિય વાચક મિત્રો ! લખતાં ખેદ થાય છે કે શાકારણને માટે, શી અડચણોને લીધે આપણી આત્મીક ઉન્નતિ થતી નથી તે જણાતું નથી. ખરેખર ! આ જમાનો એવો દુષ્ટતા તથા હાનીને પામેલો છે કે તેમાં સ્વાર્થવૃત્તિ, વિષયતત્પરતા, સંતસમાગમનો અભાવ અથવા ઉત્તમ યોગ્ય સામગ્રી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ની અપ્રાપ્તિ વિગેરે કારણો અવનતિ કરનારા જણાય છે, પરંતુ તે બધાં કારણો છતાં તેવાં બાહ્ય નિર્જીવ કારણોને દબાવી દેવાની શક્તિ આ આત્મરાજમાં રહેલી છે.

પરંતુ તે આત્મરાજ પોતે સ્વતંત્ર મિજાજનો મોહાભિભૂત તથા અજ્ઞાન પ્રેરિત ન થવો જોઇએ. આ જમાનામાં જન્મતા પ્રાણીઓ બિચારા શુદ્ધ બીજને અભાવે દૃઢ શરીર તથા શુદ્ધ માનસિક વારસો મેળવી શકતા નથી, અને તેથી તેઓ આત્મીક ઉન્નતિ કરવા ભાગ્યશાળી બની શકતા નથી. આજકાલ જન્મ્યા પછી માણુસપર શુભ સંસ્કાર કરનારી સામગ્રીઓ ધીમે ધીમે કઠિન કાળચક્રના પ્રભાવે અદૃશ્ય થતી જાય છે, આચાર વિચારોમાં ભ્રષ્ટતા થવા લાગી છે, શુદ્ધ ધાર્મિક બંધનો શિથિલ થવા લાગ્યાં છે, તેમજ નથી રહ્યા અસલના વખતના શુદ્ધ જ્ઞાની ધ્યાની ઋષિ મુનિમહારાજાઓ, નથી રહ્યા જડીબુટ્ટી ઔષધિને જાણનારા પ્રવીણ પુરૂષો, નથી રહ્યા ખાનપાનના ઉત્તમ પદાર્થો (વસ્તુમાંથી રસકસ કમી થતો જાય છે), અને નથી રહી તેવી કુદરતી અનુકૂળતાઓ; વરસાદ અને શીતોષ્ણતા વિગેરે પણ જનોના કર્માનુસારે પોતાની યોગ્ય ફરજ બજાવતા નથી, વાયુ સ્વચ્છ રહી લોકોને આરોગ્યતા આપવાને બદલે દુષ્ટ મરકીને ફેલાવી મૂકે છે; પરંતુ જો તે બધાનું મૂળ કારણ તપાસવા બેસીએ તો તે બધાપર ઉપરીપણું ભોગવવાની શક્તિ ધરાવનાર મનુષ્ય જાતિનીજ ભૂલ તેમાં દૃશ્યમાન થાય છે. કોઈ નોકરીયાત આદમી પોતાની ફરજ ન બજાવતાં દુષ્ટપણે વર્તે તો તેમાં ઘણું કરીને તે નોકરીયાત આદમી કરતાં તેના ઉપરીનીજ ભૂલ હોય છે, એમ સહજ વિચાર કરતાં જણાઈ આવે છે. આપણે પોતેજ આર્ય રીત રિવાજમાં ભ્રષ્ટતા કરી મૂકી ભ્રમમાં ફસાઇ અનુચિત કર્મ કરવા લાગ્યા છીએ, આપણે પોતેજ વહેમનાં પૂતળાં બની સૃષ્ટિવિરૂદ્ધ કાર્યને ઉત્તેજન આપીએ છીએ. આપણે પોતેજ સારાસારનો વિચાર ન કરવાથી જડ વસ્તુઓ સૃષ્ટિના અમુક નિયમ પ્રમાણે ન વર્તતાં આપણને પ્રતિકૂળ થઇ પડેલ છે. પરંતુ જ્યારે આપણે અસલના વખતના જાહોજલાલીવાળા તથા ઊચ્ચ દશાવાળા વખતપર ધ્યાન પહોંચાડીએ છીએ ત્યારે પ્રત્યક્ષ થાય છે કે તે માણસો ઘણાજ આત્મજ્ઞાનમાં આગળ વધેલા, સત્યનિષ્ઠ અને પ્રમાણિક, યોગ્ય રીતભાતવાળા તથા શ્રેષ્ઠ આચાર વિચારવાળા હતા. તેઓ પોતાનું જીવન શા માટે છે અને તેની વ્યવસ્થા કેવી રીતે કરી તેનો આ સૃષ્ટિમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાભ લઇ મનુષ્યત્વને સફળ કરવું તે પૂર્ણરીતે સમજતા હતા. તેઓના આચારવિચારની પ્રનાલિકાજ એવા પ્રકારની રચાયેલી હતી કે તેઓ પોતાના સાંસારિક કાર્યો કરવા ઉપરાંત પોતાના આત્માને ઉન્નતિ માર્ગ તરફ ધીમે ધીમે લઇ જઇ અંતે સર્વ ક્રિયાનો રોધ કરી સમાધિમરણને પ્રાપ્ત થઇ અનંત મોક્ષ સુખ પણ મેળવી શકતા હતા. તે પ્રમાણે અનંત જીવો સિદ્ધિપદને પામ્યા છે તેના દાખલા આપણી પાસે રજુ છે. પરંતુ હાય! ખેદ! તે બધો વખત જોતજોતામાં પસાર થઇ ગયો છે. મિથ્યાવાદ, વહેમો અને ગાડરીયા પ્રવાહની અંધ પ્રવૃત્તિએ તેને બદલે જન્મ લીધો છે. કેટલાક સ્વાર્થી અજ્ઞાનભરેલા પામરોના કથનપર લોકોની શ્રદ્ધા બેસતી જાય છે; અને મનુષ્યજાતિનો અહિંસામય પરમ પવિત્ર સનાતન સામાન્ય ધર્મ ભુલાઇને જુદે ભિન્ન ભિન્ન મતમતાંતરોના પરસ્પર ઝગડાઓમાં આ હિંદુસ્તાન મહા પાયમાલીને પામી કબ્રસ્થાન થયું છે. પડતો પડતાનું આલંબન લેવા લાગ્યો છે. અને ભોળા પુરૂષો મોહાંધ પુરૂષોના ભમાવ્યા ભમી જઇ સત્ય કથન કરનારપર તિરસ્કાર બતાવવા લાગ્યા છે. અરે અફસોસ! હિંદુસ્તાન, આજ તારી પાયમાલી, આજ તારી અવદશાની અનુપમ કુંચી અને ત્યાંજ તારી સમગ્ર અવનતિનો સમાવેશ થઇ જાય છે.

જે સત્વ એક વખત આખા આર્યાવર્ત (ભારતવર્ષ) માં ફેલાવો પામી અન્ય લોકોને વિદ્યા હુન્નરની બાબતમાં હેરત પમાડતું હતું તે સત્વ સર્વત્ર ભારતભૂમિમાંથી પલાયન થઇ ક્યાં વાસ કરી રહ્યું છે! જુઓ, નજર કરો, જેનામાં સત્વ હોય છે તેજ બીજાપર ઉપરીપણું ભોગવી શકે છે. અકાળ વિષયવાસના સત્વનો નાશ કરનાર મોટો શત્રુ છે, ક્રૂર રાક્ષસ સમાન છે, અને ગુલામી તથા ખુશામતમાં ખરોડી પાડનાર મહા તીવ્ર ચોર છે. કળા કૌશલ્ય તથા બુદ્ધિચમત્કારનો નાશ કરનાર એક ઝેરી વસ્તુ છે. તેનું આસ્વાદન કરનાર મેનમાં ઘેરાઇ જઇ આળસુ અને અલ્પસત્વી થઇ જાય છે. મુગલાઇ બાદશાહીનો કાંઇ પાર નહોતો, પણ તેને ગુમાવી નાખનાર ઔરંગઝેબ પછીના વખતમાં પ્રસરેલી વિષયવાસના અને દુષ્ટ ઇંદ્રિયપ્રેરિત અનુષ્ઠાનોજ હતા. મોટા રાજા મહારાજાઓ પણ આવા દુષ્ટ વ્યવસાયોને અથવા વહેમ વિગેરે અજ્ઞાનદશાને વાસો આપવાથીજ પાયમાલ થયા છે તે આપણને ઇતિહાસપરથી પ્રત્યક્ષ જણાય છે. પણ એક લખનાર માણસ આ સુધારો અમલમાં કેમ લાવી શકે? અમલમાં લાવવાની દરેક માણસની અંગત ફરજ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાંચનાર! તમે ઇંદ્રિયોના દાસ નહિ બનો, તમે તેમને તમારી દાસ બનાવો. તેઓ તમારા કહ્યા મુજબ વર્તે એટલું અધિકારીપણું તમે તેના પર અજમાવો. તદ્દન આત્મ શક્તિને ફોરવ્યા વિના દબાઇ ન રહો. ધીમે ધીમે જુઓ, ખ્યાલ કરો, પ્રયાસ કરો, આ ટેવ તમને એટલી અનુકુળ થઈ પડશે કે ઇંદ્રિયો સ્વતઃ પોતાનું શુભ કામ બજાવવા તત્પર થશે કહ્યું છે કે—

**रथः शरीरं पुरुषस्य राजन्नात्मानियंतेंद्रियाण्यस्यचाश्वाः ।**
**तैरप्रमत्तः कुशली सदश्वैः दांतैः सुखं यांति रथीव धीराः ॥**

"હે રાજન! પુરૂષનું શરીર તે રથ છે, આત્મા સારથી છે, અને ઇંદ્રિયો ઘોડાછે, માટે ધીર મનુષ્ય સાવધાન થઈ નિયમમાં રાખેલા ઇંદ્રિય રૂપ સારા અશ્વે કરી કુશલ સારથીની પેઠે સુખ પામે છે." તમારી નેત્રેંદ્રિય નાટક પ્રેક્ષણક તથા સ્ત્રી વિગેરે પર કટાક્ષ કરવા જતી હશે તો તમારો જીવ શું એટલો બધો નાલાયક છે કે તે તેને અટકાવી નહિ શકશે? મહેનત કરો, બની શકશે. જીહ્વા રસમગ્ન થઇ અભક્ષ્ય ભક્ષણ અપેયપાન અથવા લહેજતદાર માલ મસાલા ખાવા લલચાતી હશે તો શું તમે તેનો અનુરોધ નહિ કરી શકશો? યાદ રાખો કે મનને મજબુત રાખશો તો બની શકશે.

સ્પર્શેંદ્રિયના સંબંધમાં અઘોર કર્મને કરનારી અને દુર્ગતિમાં લઇ જનારી નિકેવળ વ્યર્થ વિષયવાસનાને તમે રોકી નહિ શકો? શું એટલા બધા તમે અલ્પસત્વી અને કમઅકલ થઇ ગયા છો? વિગેરે વિગેરે દુષ્ટ કાર્ય કરનારી તમારી ઇંદ્રિયોપર શું તમે સત્તા નહિ ચલાવી શકશો? બંધુઓ! નહિ ડરો, બધું કરી શકશો. ફક્ત તમારામાં જ્ઞાનનીજ ખામી છે, સત્વની ખામી છે, બુદ્ધિની ખામી છે, પરંતુ તે બધું એકનું એક જ છે. બુદ્ધિને વધારવી તે આપણા પોતાનાજ હાથમાં છે. કેળવણીનાં સાધનોની તંગી આ અંગ્રેજી રાજ્યે તથા ચાલતા સુધારાએ કેટલેક અંશે નાબુદ કરી છે, તેથી તમારે તેનો લાભ લેવા ચૂકવું નથી જોઇતું. કોઇ ગરીબ આડોશીપાડોશીના અભણ પિતાના છોકરાં ન ભણતાં હોય અથવા પોતાના મનનો ગેરઉપયોગ કરતાં હોય તો તેને કેળવણીની પ્રાપ્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[illegible] શુભ માર્ગે ચડાવવા અને તેને ધનની મદદ ન આપી શકો તો [illegible] કરવા તત્પર રહેશો, તો સાચા જૈન બંધુઓ ! તમે આ દુનિયામાં [illegible] નહિ પરંતુ પરલોકમાં અને ભવાભવમાં અનંત સુખની પ્રાપ્ત કરશો.

છેવટે બંધુઓ, મનનો સદુપયોગ કરવાનો માર્ગ યથામતિ તમોને કહીને હું આ મારૂં અલ્પ કથન ખતમ કરૂંછું. તેના ઉપર તમો શ્રદ્ધાપૂર્વક મનન કરશો અને તે પ્રમાણે વર્તી આ લેખને કૃતાર્થ કરશો. બંધુઓ ! શારીરિક તથા માનસિક મહેનતનો જેમાં અત્યંત ભોગ આપવો પડે તેવા શુભકાર્યમાં પોતાની જાતને જોડી મનમર્કટને વશ કરી ધીરે ધીરે પ્રયાસ કરશો તો [illegible] દશાને પામશો. તથાસ્તુ.

રાયચંદ કસળચંદ.

અમદાવાદ.

## જૈનમત સમિક્ષા કેસ.

### આખરી ફેંસલો.

જૈનમત સમિક્ષા કેસ જે દીલ્હીખાતે ચાલતો હતો તેનો ચુકાદો તા. [illegible] ના રોજ ત્યાંના માજીસ્ટ્રેટે આપ્યો છે તેમાં ચોપડી છપાવનારનો રૂ ૫૦૦ પાંચસો, ને છાપનારનો રૂ ૨૫૦ દંડ કર્યા છે અને તે ચોપડી પ્રસિદ્ધ કરનારનો એક વર્ષ માટે રૂ ૧૫૦ નો મુચરકો લેવામાં આવ્યો છે. આ પરિણામ જાણી જૈન બંધુઓ ખુશી [illegible]. આ કેસ ચલાવવામાં મહેનત લેનાર વકીલ પીયારીલાલને [illegible] ઘટે છે.

આ [illegible] સંબંધી વિવેચન હવે પછી લખશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લવાજમની પહોંચ.

૧—૪ દફતરી ખીમચંદ હેમચંદ
૧—૪ દફતરી છગનલાલ નાનચંદ
૨—૮ શા ગોવનજી મકન
૧—૪ શા હાકરસી લાલચંદ
૨—૮ શા કેશવજી લાલચંદ
૧—૪ શા નથુભાઇ માણેકચંદ
૨—૮ વકીલ સવાભુજ મુલચંદ
૨—૮ વોરા આશાભાઈ અમરતલાલ
૧—૪ શા ગરબડ વીરચંદ
૧—૦ શા કળીદાસ સુરચંદ
૧ ૧૨ માસ્તર જગજીવન મુળજી
૧—૪ શા પ્રેમચંદ જેચંદ
૧—૪ શા ચતુરદાસ ઘેલાભાઇ
૧—૪ શા સાંકળચંદ નારણજી
૨—૮ શા દલીચંદ રવચંદ
૧-૧૪ શા દેવચંદ જેચંદ
૧-૧૪ શા ઉમેદચંદ નરસીજી
૧—૫ શા નાથાભાઇ નાનશા
૨—૮ શા જેઠાભાઇ નરોતમદાસ
૨—૮ શા પરભુદાસ લાડકચંદ
૧—૪ શા પોપટલાલ છગનલાલ
૧—૪ શા અમરતલાલ કેવળદાસ
૨—૮ શા જમનાદાસ કરમચંદ
૩-૧૪ શા દીપચંદ જેચંદ
૧—૪ શા ડુંગરદાસ દેવચંદ
૩-૧૪ શા રતનચંદ લાધાજી
૧-૧૪ શા મોતીલાલ હરગોવન
૧—૪ શા છોટાલાલ કુંવરજી
૨—૮ શા ડીલાભાઇ જેઠાભાઇ
૨—૮ શા સુંદરજી પાનાચંદ
૧-૧૪ શા મગનલાલ જવેરચંદ
૧—૪ શા મગનલાલ કંકુચંદ
૧—૪ શા કપુરચંદ લાલભાઇ
૨-૧૦ શા ટોકરલાલ છગનલાલ
૨—૮ શા મલુકચંદ તારાચંદ
૩-૧૪ ડાકટર બાલાભાઇ મગનલાલ
૧—૪ શા ભુરાભાઇ અંબાઇદાસ

૧—૪ શા નાથાભાઇ ખુબાજી
૩-૧૪ શા છોગાલાલ શીવલાલ
૧—૪ શા ઊકમીચંદજી વીરચંદજી
૧—૪ ચોધરી તીલોકચંદજી
૩—૬ શા હરીલાલ નરોતમ
૨—૮ શા મનસુખલાલ અમરચંદ
૩-૧૪ ઝવેરી કલ્યાણભાઇ અમીચંદ
૩-૧૪ ઝવેરી હીરાચંદ ઇશ્વરદાસ
૨—૮ શા મગનલાલ પૂંજાલાલ
૧—૪ શા પૂંજાલાલ જયચંદ
૧—૫ શા લલુભાઇ ચુનીલાલ
૩-૧૪ ઝવેરી માણેકલાલ ઘેલાભાઈ
૨—૮ શા નેમચંદ બેચરદાસ
૨—૮ શા લલુભાઈ જગજીવનદાસ
૧-૧૪ શા રણછોડ મુલજી
૫—૦ શા ઝવેર મુલજી
૧—૪ શા માણેકલાલ ગીરધરલાલ
૧—૪ શા મહાસુખ વીરચંદ
૨—૮ માસ્તર છગનલાલ ચુનીલાલ
૩-૧૪ શા જમનાદાસ ખુશાલચંદ
૧—૪ પારી. કુબેરદાસ પરભુદાસ
૨—૮ શા કરમચંદ વીરચંદ
૨—૮ શા ચુનીલાલ વીરચંદ
૧-૧૪ શા મગનલાલ ઇશ્વરદાસ
૧-૧૪ શા રણછોડદાસ શીવદાસ
૨-૧૦ શા હકમચંદ કાળીદાસ
૩-૧૪ શા પોપટલાલ મુળચંદ
૩-૧૪ શા હાકરસી અમરચંદ
૩-૧૪ શા કરમચંદ પ્રેમચંદ
૩-૧૪ શા છોટાલાલ કાળીદાસ
૩-૧૪ સંઘવી સવચંદ બેચરદાસ
૩-૧૪ શા હીરાચંદ દેવચંદ
૧—૦ શા કંકુચંદ ચતુરદાસ
૧—૪ શા સાંકળચંદ હીરાચંદ
૧—૪ શા છગન ઝવેર
૨—૮ શેઠ મનસુખ દયાભાઇ
૨—૮ શા પીતાંબર લીલાચંદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વર્તમાન સમાચાર.

ભાવનગરમાં બીજી એલ. એલ. બી.—શેઠ જીવનદાસ ગોકળદાસ મુળ પાલીતાણાના પણ હાલ ભાવનગરના [illegible] એલ. એલ. બી. ની પરીક્ષામાં પસાર થયા છે.

જૈનવિધિથી લગ્ન-ભાવનગરમાં શા. [illegible]ચંદ પરશોત્તમ[illegible] [illegible]ચંદ [illegible] નિરાશ[illegible]ની પુત્રી અને શા. ભગવાનદાસ ઉજમશી [illegible] હીરાલાલના લગ્ન [illegible] જૈનવિધિ પ્રમાણે કરવામાં આવ્યા છે.

મહુવા મુક્તિવિજય પાઠશાળા-ખેડા તાબે મહુવામાં માહ શુદિ ૧૧ ના રોજ મુનિ મુક્તિવિજયજીના ઉપદેશથી અને ઉદાર ગૃહસ્થોના આશ્રયથી સંગીન પાયા પર ખેડા જીલ્લાના ડી. ડી. કલેકટર રાયબહાદુર હિરાલાલ [illegible]ના હસ્તથી એક જૈનપાઠશાળા ખોલવામાં આવી છે. તે શુભ પ્રસંગે જૈન સમુદાય ઉપરાંત અન્ય ધર્મના અમલદારો તથા ગૃહસ્થો પણ પધાર્યા હતા. જૈન કોન્ફરન્સમાં ચર્ચાયેલા વિષયો જૈનવિધિથી લગ્ન, કન્યાવિક્રય નિષેધ વિગેરે ચર્ચાયા હતા અને તેનો સત્વર અમલ કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. બાદ મુનિ મુક્તિવિજયજીનો ઉપદેશ શ્રવણ કરી સભા બરખાસ્ત થઇ હતી. આ પાઠશાળામાં સ્ત્રી, પુરૂષો અને બાળકોને કેળવણી આપવાની સગવડ કરવામાં આવી છે. અમે એ પાઠશાળાનું દીર્ઘાયુષ્ય અને વૃદ્ધિ ઇચ્છીએ છીએ તેમજ તેનું અનુકરણ કરવાની અન્ય ગામો અને શહેરોના આગેવાનોને ભલામણ કરીએ છીએ.

લ. બા. ભાવનગર.

## વર્તમાન ચર્ચા.

( વિદ્વાન મુનિ મહારાજા પ્રત્યે વિનંતિ. )

હવે પછી શરૂ થનાર ચૈત્રી વર્ષમાં ભાદ્રપદમાસની અંદર શુદિ ૫ નો ક્ષય જોધપુરી ચંડુ પંચાંગમાં લખેલો છે તો આપણે શી રીતે કરવું? કઇ તિથિનો ક્ષય કરવો અને સંવચ્છરી કયા વારની કરવી? આ બાબતનો ખુલાસો વિદ્વાન મુનિ મહારાજાઓ અગર ગૃહસ્થો તરફથી સત્વર મળવા વિનંતી છે કારણ કે નવું પંચાંગ તૈયાર કરવાની જલદી આવશ્યકતા છે. તંત્રી.

## પુસ્તકોની પહોંચ.

યતિ. [illegible]દાસ શ્રી આણંદના [illegible] તરફથી ધર્મ તત્વસાર ભાગ ૧-૨-૩ ભેટ દાખલ મળેલ છે તે આભાર સાથે સ્વીકારીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જાહેર ખબર.

### (ભાવનગર જૈન બોર્ડીંગ સંબંધી.)

સર્વે જૈનબંધુઓને ખબર આપવામાં આવે છે કે ઇંગ્રેજી સાતમા ધોરણમાં અથવા કોલેજમાં અભ્યાસ કરવા ઇચ્છનારા જૈન વિદ્યાર્થીઓને અભ્યાસ કરવાને સગવડ કરી આપવા માટે શહેર ભાવનગરમાં ખાસ જૈન બોર્ડીંગનું મકાન ઘણું સુંદર બંધાવવામાં આવ્યું છે, તેની અંદર હવે વિદ્યાર્થીઓને દાખલ કરવાના છે. તેમને ખોરાકી શિવાય નીચે પ્રમાણે સગવડ આપવામાં આવશે.

ખુરશી, ટેબલ, સુવાનો કોચ, દીવાબત્તી, રસોયો ને ચાકર.

માટે જે વિદ્યાર્થીઓને દાખલ થવા ઇચ્છા હોય તેમણે સત્વરે પોતાની અરજી જરૂરની વિગત સાથે નીચેને શીરનામે મોકલાવવી; જેથી તેનો તાકીદે બંદોબસ્ત કરવામાં આવશે.તા.૫-૧-૦૫

"આ જૈનબોર્ડીંગ માહ વદ ૩ બુધવાર તા૦ ૨૨-૨-૧૯૦૫ ના રોજ ભાવનગરના નામદાર મહારાજા સાહેબના હાથથી ખોલાવવામાં આવેલ છે."

શાહ કુંવરજી આણંદજી.
મહેતા મોતીચંદ ઝવેરચંદ.
ભાવનગર જૈન બોર્ડીંગ વ્યવસ્થાપક કમીટીના
ઓ. સેક્રેટરી.

## બુકોની ઘટાડેલી કિંમત

| | |
|---|---|
| ૧ શ્રી પાંચ પ્રતિક્રમણ સૂત્ર ગુજરાતી. ઘણા વધારા સાથે શીલા છાપમાં છાપેલ ઘણા મોટા અક્ષરવાળા. | ૦—૮—૦ |
| ૨ શ્રી પાંચ પ્રતિક્રમણ સૂત્ર. શાસ્ત્રી મૂળ. | ૦—૬—૦ |
| (બન્ને બુકમાં જૈનશાળા કે ઇનામ માટે એકેક આનો ઓછો.) | |
| ૩ શ્રી બે પ્રતિક્રમણ સૂત્ર ગુજરાતી (શીલાછાપની) | ૦—૨—૬ |
| ૪ શ્રી બે પ્રતિક્રમણ સૂત્ર શાસ્ત્રી. | ૦—૨—૬ |
| (આ બન્ને બુકના જૈનશાળા ને ઇનામ માટે બે આના.) | |
| ૫ શ્રી ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ ૨જો (સ્થંભ ૫ થી ૯) | ૧—૮—૦ |
| ૬ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર પર્વ દશમું. વિભાગ ૭ મો. (શ્રી મહાવીરજિન ચરિત્ર.) | ૧—૮—૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## पोसह विधि.

અમારી તરફથી પ્રથમ છપાવવામાં આવેલી તે બીલકુલ થઇ રહેવાથી અને માગણીઓ વિશેષ આવવાથી કેટલાએક સુધારા વધારા સાથે ફરીને છપાવવામાં આવી છે. સંથારાપોરિસિ વિગેરે વિધિઓમાં સૂચનાઓ આદિ પણ આપ્યા છે. પોસહ કરવાના અભિલાષીઓને ભેટ આપવાની છે તેથી ખાસ જરૂર હોય તેણે પોસ્ટેજ મોકલી મંગાવી લેવી. ફોગટ તસ્દી લેવી નહીં. તંત્રી.

## सामायक चैत्यवंदन सूत्रार्थ.

સામાયક તથા ચૈત્યવંદનનાં આવતા તમામ સૂત્રો અર્થ સહિત તથા વિધિ સાથે ખાસ શિક્ષાખાતર છપાવી આ બુક અમારી તરફથી તૈયાર કરવામાં આવી છે. કિંમત એક આનો રાખી છે. ઇનામ તથા જૈનશાળા માટે ખરીદનાર પાસેથી પોણાઆનો લેવામાં આવશે. અક્ષર ગુજરાતી છે. તંત્રી.

## श्री त्रिषष्ठि शलाका पुरुष चरित्र. पर्व १ लुं ने २ जुं.

## શ્રી આદીશ્વર ચરિત્ર તથા અજિતનાથ ચરિત્ર.

આ બંને વિભાગ હાલમાં સુધારીને ઘણા સરસ ટાઇપથી ઉંચા કાગળો ઉપર મુંબઈ ગુજરાતી પ્રીન્ટીંગ પ્રેસમાં છપાવી મજબુત ઉંચા બાઇન્ડીંગથી બંને ભાગ ભેળા બંધાવી તૈયાર કરવામાં આવ્યા છે. કિંમત ખાસ ઘટાડીને બંને ભાગ ભેળાની રૂ ૨-૪-૦ રાખવામાં આવી છે. આ ચોપાનીઆના ગ્રાહકો જેઓએ ચાલતા વર્ષ સુધીનું લવાજમ મોકલ્યું હશે તેને રૂ૧-૧૨-૦ ની કીંમતે આપવામાં આવશે. પોસ્ટ ખર્ચ જુદું લાગશે. મંગાવવા ઇચ્છા હોય તેમણે પત્ર લખવો. એકંદર પ્રથમ કરતાં એક રૂપીઆનો લાભ છે તે ખોવો નહીં. પછી જેવી ઇચ્છા. નવા ગ્રાહક થઇ લવાજમ મોકલશે તેને પણ એ લાભ મળી શકશે.

ચાલુ સાલથી ચોપડીઓ મોકલવાનું શરૂ થશે. પ્રથમ કરતાં આ બુકમાં દરેક સર્ગમાં શું શું છે તે બતાવનાર ખાસ વિષયાનુક્રમણિકા લખવામાં આવી છે અને બીજો પણ ખાસ સુધારો કરવામાં આવ્યો છે. શ્રી હેમચંદ્રાચાર્યજીની આ ઉત્તમ કૃતિને માટે અમો પણ વધારે લખવાની આવશ્યકતા નથી.

For Private And Personal Use Only